# "GOVERNMENT POLICY & SOCIALLY WEAKER SECTIONS"

**DR. M.M. JAGANI**

**Assistant professor (G.E.S.Cl -II, G-SET)**

**Department of Political Science**

**M.N. College, Visnagar, Dist. Mehsana**

---

## સરકારની નીતિઓ અને સામાજિક નબળાવર્ગો

## Sub : Government Policy and Socially weaker Section :

[+૧] આધૂનિકતા તરફ ગતિ કરતા ઉદ્યુકત થયેલા એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના અનેક પરંપરાગત સમાજો સક્રાન્તિ કાળમાંથી પસાર થઈ રહયા છે કોઈપણ દેશનું રાજકારણ તેની વિશાળ સામાજિક પૃષ્ઠભૂમિમાં આકાર લેતું અને વિકાસ પામતું હોય છે. ધર્મ ભાષા, જ્ઞાતિ જાતિ કોમ વગેરે સામાજિક પરિબળો દેશના રાજકારણને પ્રભાવિત કરે છે અને દેશના રાજકારણથી પ્રભાવિત થાય છે.

જ્ઞાતિ વ્યવસ્થા ભારતીય સમાજની વિશિષ્ટતા છે. રોટી-બેટી વ્યવહારના સામાજિક કાર્યો જ્ઞાતિના મુખ્ય કાર્યો હોવાં છતાં સાર્વત્રિક મતાધિકાર અને બહુમતીના રાજકરણમાં જ્ઞાતિ - જૂથો મહત્વની ભૂમિકા ભજવે એ દેખીતું છે. ભારતીય જ્ઞાતિ વ્યવસ્થાની સૌથી ટોચે બ્રાહ્મણો આવે છે.

[+૨] છેક પ્રાચીન સમયથી બ્રાહ્મણોએ ભારતના અગ્રવર્ગ તરીકેની ભૂમિકા ભજવી છે વહીવટ, શિક્ષણ, સાહિત્ય વગેરે બુદ્ધિજીવી વ્યવસાયોમાં રોકાયેલા બ્રાહ્મણો ૧૯ મી સદીમાં ભારતીય પુનઃજાગૃતિના મુખ્ય વાહકો બન્યા હતા. ભારતના જુદાજુદા રાજયોના રાજકરણમાં તેઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ગુજરાતમાં નાગરો અને અનાવિલો, કેરળમાં નામબુદ્રિ, મહારાષ્ટ્રમાં ચિત્પાવન મદ્રાસમાં આયંગર આ બધાં તેનાં દાખલા છ

શિક્ષણનો ફેલાવો, આર્થિક સમૃધ્ધિ અને બહુસંખ્ય કપણાને કારણે બીજી જ્ઞાતિઓ જેમ કે ગુજરાતમાં પાટીદારો અને ક્ષત્રિયો,પંજાબમાં જાટ, આંધ્રમાં કામ્માઓ અને રેડ્ડીઓ બિહારમાં ભૂમિહાર અને રાજપુતો રાજસ્થાનમાં રાજપુતો અને જાટ વગેરેનાં પ્રભુત્વમાં વધારો થયો છે. એટલું જ નહી

પણ જે તે રાજયોના રાજકારણ તેઓની અસરથી પ્રભાવિત થયાં છે.

+3 ભારતના પરંપરાગત સામાજિક માળખામાં છેક નીચે સ્થાન ધરાવતા હરિજનોનાં સામાજિક દરજ્જા અને તેમના પ્રત્યેના વલણમાં ગાંધીજી અને ડો. આંબેડકર જેવા નેતાઓના પ્રયાસોથી નોધપાત્ર સુધારો થયો છે. બંધારણ અને કાયદા દ્વારા તેમને અન્ય નાગરિકોના સમકક્ષ બનાવવામાં આવ્યા છે, અને ભારતીય સમાજના પ્રવાહમાં તેઓ ઝડપથી ભળી શકે તે માટે કેટલાક ખાસ લાભ અને છુટછાટો આપવામાં આવી છે. ભારતની કુલ વસ્તીના ૧૪.૨ ટકા હરિજનો કેટલાંક રાજયોના રાજકરણમાં મહત્વનો અને કયારેક નિર્ણાયક ભાગ ભજવે છે. રિપબ્લીકન પક્ષ અને જુદાજુદા રાજયોના શોષિતદળ મુખ્યત્વે હરિજનોના પક્ષો બનીને તેમની રાજકીય પ્રવૃત્તિઓને સંગઠિત કરવામાં અને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

ભારતની કુલ વસ્તીના લગભગ ૬.૮ ટકા જેટલા આદિવાસીઓ કેટલાંક રાજયોના રાજકારણમાં નોધપાત્ર પરિબળ બની રહે છે તેમની વિશિષ્ટતાઓ અને ખાસિયતોનું રક્ષણ અને જતન કરવા તેમજ બીજા લોકો દ્વારા તેમનું શોષણ ન થાય તે માટે તેમને બંધારણ દ્વારા ખાસ છુટછાટો અને રક્ષણો આપવામાં આવ્યાં છે. ભારતીય સમાજના મુખ્ય પ્રવાહમાં તેમને ભેળવવાનો પ્રશ્ન અત્યંત જટિલ અને નાજુક છે. જુદા જુદા આદિવાસી સંગઠનો જેવા કે નાગ રાષ્ટ્રીય પરિષદ, મેઘાલયમાં અખિલ પર્વતીય નેતા પરિષદ, બિહારમાં ઝારખંડ પક્ષ, મિઝોરમમાં મીઝો સંગઠન વગેરે આદિવાસીઓમાં જાગૃતિ અને રાજકીય સભાનતા આણવાનું કામ કરે છે.

+૪ ભારતીય બંધારણના આમુખમાં દેશાવ્યા મુજબ ભારત તેના તમામ નાગિરકોને, આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાયનું આશ્વાસન આપે છે અને તમામ પ્રકારના શોષણમાંથી મુકિતની બાંહેધરી આપે છે. સામાજિક ન્યાયની સ્થાપના અસ્પૃશ્યતાને તિલાંજલી આપીને જ થઈ શકે, જાહેર સ્થળોનો ઉપયોગ કરવાની તેમજ જાહેર પદ પ્રાપ્ત કરવાની બધાને સમાન તક આપવામાં આવી છે. ભારતીય બંધારણમાં નાગિરકોને પોતાના વિકાસ માટે મોભો અને માનભર્યો દરજ્જો પ્રાપ્ત થાય તે માટે સમાન તકોની ખાતરી આપવામાં આવી છે. લોકશાહીમાં વ્યકિત સાધ્ય છે અને રાજય સાધન છે. વ્યકિતના કલ્યાણઅર્થે રાજયે પ્રયાસો કરવાના છે વ્યકિત માત્રનું ગૌરવ હણાય એવું કશું ન કરવું

જોઈએ. એવો આદર્શ રાખવામાં આવ્યો છે. ભારતીય બંધારણમાં પછાતવર્ગો અને અનૂસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

+૫ આપણા ધારાગૃહોમાં રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામતો, સરકારી નોકરીઓમાં અનામત બેઠકો અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતોનો લાભ તેમજ તેમને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સુવિધાઓ અને ફી માફીની સગવડોનો લાભ આપવામાં આવ્યો છે. ભારતીય બંધારણની કલમ-૧૪ અનુસાર ભારતમાં રહેતી બધી વ્યકિતઓ કાયદા સમક્ષ સમાન ગણવામાં આવી છે. આપણા રાષ્ટ્રના બંધારણ મૂજબ કલમ-૧૫ માં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે ધર્મ, જાતિ, જ્ઞાતિ લિંગ અથવા જન્મ સ્થળના અધાર પર રાજય નાગરિકો વચ્ચે કોઈ ભેદભાવ નહિ કરે, જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી કલમ-૧૬ દ્વારા આપવામાં આવી છે. કલમ-૧૭ દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે.

+૬ બંધારણીય જોગવાઈઓના આધાર પર ભારત સરકારે અનૂસૂચિત જાતિઓની વસ્તી અને રાષ્ટ્રીય સરેરાશના સામાજિક, આર્થિક મોભા વચ્ચેનું અંતર ઘટાડવા માટે દ્વિ-મુખી દૃષ્ટિકોણ અપનાવ્યો છે. પ્રથમ દ્રષ્ટિકોણ અનુસુચિત જાતિઓને નિયંત્રણની ખાતરી કરવા માટેના નિયંત્રક પગલાંઓ ઘડવાની બાબતોને અધિનિયમ -૧૯૫૫ અને અનુસુચિત જાતિ અને જનજાતિ અત્યાચાર પ્રતિબંધક અધિનિયમ -૧૯૮૯ રાજય અને કેન્દ્ર સરકારના અન્ય કાયદાઓ તેમજ સરકારી નોકરીઓ અને શિક્ષણનો ક્ષેત્રમાં અનામત બેઠકો આ તમામ જોગવાઈઓનો સમાવેશ થાય છે.

ભારત સરકારની અનામત નીતિ અને નીચલા સ્તરની જાતિઓને ભૂતકાળમાં થયેલા અન્યાયોનો ઉપચાર કરવાનો આ એક પ્રયાસ છે. વિકસતી જાતિઓનાં સંરક્ષણાત્મક પગલાઓનું નિયંત્રણ રાષ્ટ્રીય અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પંચ કરે છે .અનૂસૂચિત જાતિઓના સામાજિક અને શૈક્ષણિક તથા આર્થિક ઉત્થાન માટેના વિકાસાત્મક પગલાઓનો વહીવટ રાજય સરકારો મારફતે સામાજિક કલ્યાણ મંત્રાલય સંભાળે છે.

+૭ છેલ્લા બે સૈકા દરમિયાન માનવ અધિકારના ક્ષેત્રમાં ઠીકઠીક કામગીરી થવાથી સભ્ય સમાજની રચનામાં પ્રગતિ થવા પામી છે અમેરિકામાં આંતર વિગ્રહનુ જોખમ વહોરીને પણ ગુલામી પ્રથા નાબૂદ

કરવામાં આવી અબ્રાહમ લિંકને પોતાની જાતનું બલિદાન આપ્યું રંગભેદની સામે ગાંધીજીથી શરૂ કરીને માર્ટિન લ્યુથર કીંગ તથા ડૉ.નેલ્સન મંડેલાએ જબરદસ્ત લડતો ચલાવી નબળા સમુદાયોને ન્યાય મળે તેમને મતાધિકાર પ્રાપ્ત થાય તેમજ તેઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે ઘનિષ્ઠ પ્રયાસો કરેલા જોવા મળે છે.

છેલ્લા કેટલાક સમયથી પંચાયતી રાજના માધ્યમ દ્વારા સમાજના નબળા વર્ગોના ઉત્થાન માટે ઘણા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. સમાજના આવા નબળા વર્ગોમાં મારી દ્રષ્ટિએ જેમનો અલ્પતમ વિકાસ થયો છે તેવા તમામ સમુદાયોને નબળા સમુદાયોમાં આવરી લેવા જોઈએ ખાસ કરીને ભારતીય સમાજના આવા સમુદાયો તરફ નજર કરીએ તો તેઓમાં અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતિ જાતિઓ, વિમુકત જાતિઓ, સ્ત્રીઓ , અપંગો અનાથો, વિધવાઓ, ત્યકતાઓ તેમજ આર્થિક પછાત વર્ગોનો ખાસ સમાવેશ થાય છે. આ તમામ વર્ગોને ચોકકસ જુથમાં સમાવી લઈને તેમને રાજકીય તેમજ આર્થિક બળ પુરૂ પાડવું પડશે.

ગુજરાત સરકારના ૧૯૬૧ ના પંચાયત ધારામાં પ્રથમ સામાજિક ન્યાય સમિતિઓની રચના અને તેના કાર્યોની જોગવાઈઓ કરવામાં આવેલી છે. હાલના નવા પંચાયત ધારા -૧૯૯૩ માં પણ આવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં પંચાયતી રાજનો અભ્યાસ કરીને ઉચ્ચ ક્ષેત્રની શ્રી ઝીણાભાઈ દરજી સમિતિએ પણ તેના અહેવાલમાં આ બાબતને વિગતવાર ચર્ચી છે. ગુજરાત સરકાર આ ક્ષેત્રે પહેલ કરીને મહિલાઓ માટે પંચાયતી રાજની સંસ્થાઓમાં ૫૦ ટકા સુધીની અનામત આપવાની પહેલ કરી છે. આ અંગે લોકોમાં પણ રાજકીય જાગૃતિ અનિવાર્ય છે.

લોકો રાજકીય રીતે જાગૃત બની મતનું મહત્ત્વ સમજે અને મતદાન કરવા જાય તે માટે ખાસ કરીને પંચાયતીરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ફરજીયાત મતદાન કરવાની જોગવાઈનું ક્રાંતિકારી કદમ પણ ઉઠાવવામાં આવ્યું છે. આમ થવાથી સમાજના સૌથી મોટા એવા અ-રાજકીય સ્તરનું તરલીકરણ થઈ તેનું રાજકીય સ્તરમાં રૂપાંતરણ થવામાં મદદ મળશે જે નાગરિકસમાજની રચના માટે એક મહત્વનું કદમ ગણાવી શકાય.

સમાજ પિરામિડને તળીયે આવેલા અને હાંસિયામા ધકેલાઈ ગયેલા, કહેવાતી મુખ્ય ધારામાં રહેતા લોકોની નજરે નહિ ચઢતા, વંચિત અને તરછોડાયેલા જે સમુહો છે એમને માટે વિકસતા કે નબળા સમુદાયો એવું જે નામ અપાયું છે તે સાર્થક છે. આવા સમુદાયોમાં વિકાસની ભારોભાર ગુંજાશ છે. તેમનું ગંતવ્ય વિકસિત અવસ્થા છે.

આ સમગ્ર સમુદાયોનો એક કોમન પ્રશ્ન છે તક વંચિતત્તા આ તકવંચિત અવસ્થાને લીધે તેઓ અનેક પ્રકારના અભાવો શોષણ અને દમનનો પણ ભોગ બનતા આવ્યા છે. આથી આવા દુષણો દુર કરવા અને તેમના માટે વિકાસની વિવિધ તકો કેવી રીતે ઉભી કરવી એ આપણી મુખ્ય સમસ્યા છે.

હાલમાં સૌથી વધુ પ્રચલિત બન્યો છે, એક શબ્દ સશકિતકરણ આ એક વિશાળ ખ્યાલ છે. આ સમુહોને સશક્ત કરવાની વ્યુહરચનાનું મુખ્યત્વે ત્રણ ચાર ક્ષેત્રોમાં વર્ગીકરણ કરીને તેનો વિચાર કરવો જોઈએ, એ દરેક ક્ષેત્રોમાં સશકિતકરણ માટે કઈ પધ્ધતિઓ અથવા ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ, તેમની અસરકારતા અને કાર્ય સાધકતાનું સતત મુલ્યાંકન કરતા રહેવું જોઈએ તેનું સતત ચિંતન કરતા રહેવું જોઈએ.

આવા સશકિતકરણમાં મારી દષ્ટિએ કદાચ સૌથી અગત્યનું સામાજિક સશકિતકરણ કરવાની જરૂરીયાત છે. ચુસ્ત કોટિક્રમ ધરાવતી આપણી જ્ઞાતિવ્યવસ્થામાં અનુસૂચિત જાતિઓના સભ્યો પ્રત્યે હજુપણ મોટા પ્રમાણમાં ભેદભાવ આચરવામાં આવે છે.શહેરી વિસ્તારોમાં સ્થુળ આભડછેટનું પ્રમાણ કદાચ ઓછું થયું હશે પણ સૂક્ષ્મ આભડછેટ આજે પણ જોવા મળે છે. આજેપણ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં માથે મેલું ઉપાડવાની અત્યંત નીદનીય પ્રથા ચાલુ છે જેને આપણે રાષ્ટ્રીય શરમ કહી શકીએ.

+૮ સામાન્ય રીતે ડુંગરાળ અને જંગલ વિસ્તારોમાં રહેતા અનુસૂચિત જનજાતિઓના સભ્યો અનેક પ્રકારની વંચિતતાઓથી પીડાય છે. તેઓનું મોટા પ્રમાણમાં શોષણ અને દમન થાય છે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણથી પ્રભાવિત હાલના વિકાસ મોડેલને કારણે તેમના પરંપરાગત જીવન નિર્વાહના સંસાધનો ઝુંટવાઈ રહયા છે. બીજુબાજુ તેઓ જયાં રહે છે ત્યાં રોજગારીની તકો ન હોવાથી

વખાનામાર્યા તેઓને સ્થળાંતર કરવું પડે છે. ભારતના કેટલાક રાજયોમાં નકસલવાદી પ્રવૃત્તિઓએ જે વેગ પકડયો છે તે આ બધાનું પરિણામ છે. બંધારણ અને શાંતિમય માર્ગે પોતાની સમસ્યાઓ ઉકેલી શકાય તેમ નથી તેથી તેઓએ હિંસક પધ્ધતિઓનો આશરો લીધો છે.

નકસલવાદ એ આખરે તો આપણા રાજ્યદેહમાં જે ઊંડો રોગ છે તેનું માત્ર બાહ્ય ચિહ્ન છે. જ્યાં સુધી એ રોગને નિર્મુળ કરવામાં નહિ આવે ત્યાં સુધી એ આપણી આંતરિક સલામતી સામે મોટો ખતરો બની રહેશે.

[+૯] અંતમાં આવા નબળા સમુદાયોમાં મારે એ વાતને પણ જોડવી છે કે ભારત જેવા વિશ્વના સૌથી મોટા લોકતંત્રમાં રહેતાં બંને મોટી કોમના લોકો વચ્ચે પરસ્પર સુમેળ, સહકાર અને સહિષ્ણુતા જોવા મળતી નથી. બિનસાંપ્રદાયિક સમાજ રચના સામેના પડકારોના પાયામાં આ સૌથી મોટો પડકાર પડેલો ઈતિહાસને ખરા પરિપ્રેક્ષ્યમાં ન ભણાવવો અને પ્રજા તરીકે કદી પણ સાચો ઈતિહાસ જાણવાની દરકાર જ ન કરવી, શિવાજી કે ઔરંગઝેબ, અકબર કે મહારાણા પ્રતાપ વચ્ચેના યુદ્ધોને સત્તા માટેની સામંતી અથડામણ માનવાને બદલે હિંદુ-મુસ્લિમ વચ્ચેની લડાઈ માની લેવી ઈતિહાસની ખોટી સમજ છે અને આવા ખોટા ઈતિહાસે હંમેશાં કોમી તનાવ જ વધાર્યો છે.

આપણે કાયમ માટે સોમનાથ ઉપરના આક્રમણોની વાત કરતા આવ્યા છીએ પરંતુ આક્રમણ ખોરોને સોમનાથ મંદિરની બાતમી આપનારાઓના ગદ્દારીપણા વિશે એક હરફપણ આપણે ઉચ્ચારતા નથી, ગઝનીને પણ સોમનાથ મંદિર લુટવા પ્રેરનારા હિંદુઓ જ હતા. પણ ઈતિહાસમાં તેઓના નામ શુદ્ધા જણાવાતા નથી.

[+૧૦] ભારતના સંવિધાનના આમુખમાં ન્યાય, સ્વતંત્રતા અને બંધુતા સિદ્ધ કરવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો છે. પરંતુ જાતિવાદનો ભોગ બનેલા અસ્પૃશ્યો માટે નથી. ન્યાયી સમાજ નથી આઝાદી સમતાતો હજૂ એક સપનું છે અને બંધુતાની તો કલ્પના શુદ્ધાં થઈ શકે તેમ નથી.

## સંદર્ભ સૂચિ


૧. શુકલ દિનેશ., અમીન હસમુખ, "ભારતીય રાજકારણની રૂપરેખા" પેજ નં. ૩૯

૨. એજન પેજ નં. ૪૮

૩. ડૉ. એમ.એમ. જગાણી., "ભારતીય જ્ઞાતિ વ્યવસ્થા અને અસ્પૃશ્યો" (લેખ)

૪. ડૉ. બલદેવ આગજા., "સ્થાનિક સ્વરાજમાં સામાજિક ન્યાય"

૫. ગાર્નર ડબલ્યુ જે., "પોલિટીકલ સાયન્સ એન્ડ ગવર્નમેન્ટ"

૬. ડૉ. એમ.એમ. જગાણી., "સ્થાનિક સ્વશાસનમાં નબળા સમુદાયોની સ્થિતિ" (લેખ)

૭. શુકલ દિનેશ., "વિકસતા સમુદાયોની સમસ્યાઓ અને ઉપાયો" (લેખ)

૮. દિવ્ય ભાસ્કર દૈનિક તંત્રીલેખ, તા. ૨૦, ડીસે., ૨૦૧૪. (તંત્રીલેખ)

૯. વીજળીવાળા શરીફા., "બિનસાંપ્રદાયિક સમાજસામેના પડકારો" (લેખ)

૧૦. સ્મિતા નરુલા., "દુભાયેલા લોકો" (લેખ)